# બૃહદ ગુજરાત સંગીત સમિતિ

(સરકાર માન્ય)

(ગાંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટ, અમદાવાદ [રજિ. અને સરકાર માન્ય] સંચાલિત)

૩જો માળ, 'આકાર-૨' , ૧૫, કલ્પના સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ફોન : ૦૭૯-૨૬૫૬ ૨૯૧૭ Web site : www.gandharvabruhad.org


તા. ૧૨-૧૨-૨૦૨૫

## માર્ચ-૨૦૨૬ પરીક્ષાસત્ર માટેનો પરિપત્ર

**સૌ કેન્દ્રવ્યવસ્થાપકો, સંસ્થા સંચાલકો તથા સભ્યો જોગ :**

બૃહદ ગુજરાત સંગીત સમિતિની સંચાલન સમિતિ તેમજ ગાંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ, આપ સર્વેને આગામી માર્ચ-૨૦૨૬ ના પરીક્ષાસત્ર માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. આપ સૌ સંસ્થાના ઉત્થાનમાં જે રીતે સહકાર આપી રહ્યા છો તેવો જ સહકાર ભવિષ્યમાં આપી, આપ સંસ્થાના સર્વાંગી વિકાસમાં સહભાગી બનો તેવી અમારા સૌની અપેક્ષા છે.

**પરીક્ષા બાબતે અગત્યની સૂચના :**

(૧) પ્રોસેસીંગ ફી પરીક્ષાવર્ષ પ્રમાણે ફરજીયાત લેવાની છે. તેના ઉપર કોઈ પુરસ્કાર મળશે નહીં.

(૨) સંસ્થાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ **Web Form- 2026** અથવા **Web Form-2026**ના આગળ-પાછળના પાનાની ઝેરોક્ષ નકલ જ વાપરવી. આવા વેબફોર્મ કે વેબફોર્મની ઝેરોક્ષ નકલ પર પ્રોસેસીંગ ફી પરીક્ષા વર્ષ પ્રમાણે અલગથી ભરવાની રહેશે. પરીક્ષા ફી પરીક્ષાફોર્મમાં જણાવ્યા મુજબ જ લેવી.

(૩) પ્રારંભિકથી પદવી પરીક્ષા સુધીનાં આવેદનપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ એક જ રહેશે.

**આવેદનપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ : ૨૭-૧-૨૦૨૬ ને મંગળવાર**
**વિલંબ ફી (ફોર્મ દીઠ) રૂા. ૨૦૦/- સાથેની અંતિમ તારીખ : ૩૧-૧-૨૦૨૬ ને શનિવાર**

(૪) આગામી માર્ચ-૨૦૨૬ના સત્રની પરીક્ષાઓનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે. આ સત્રમાં સંગીત પ્રારંભિકથી માંડી સંગીત વિશારદ સુધીની બધી જ પરીક્ષાઓ થશે.

**લેખિત પરીક્ષા : તા. ૧૯-૪-૨૦૨૬ ને રવિવાર**

**સમય : બધી જ પરીક્ષાઓ માટે સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ તથા**
**જેમાં 'બ' પેપર હશે તે માટે બપોરે ૩-૦૦ થી ૬-૦૦**

## • પદવી પરીક્ષા માટે કેન્દ્રવ્યવસ્થાપકોને વિશિષ્ટ સૂચનાઓ •

(૧) વિદ્યાર્થીઓના હિતમાં ઓક્ટોબર-૨૦૨૧ના પરીક્ષા સત્રથી બૃહદ ગુજરાત સંગીત સમિતિ દ્વારા લેવાતી સંગીત વિશારદ - ગાયન-વાદન તથા નૃત્ય (ભરતનાટ્યમ્ તેમજ કથક)ની લેખિત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર ઝોન સેન્ટર ખાતે લેવાનું શરૂ કરેલ છે.

(૨) તે જ રીતે વિદ્યાર્થીઓના હિતમાં ઓક્ટોબર-૨૦૨૨ના પરીક્ષાસત્રથી બૃહદ ગુજરાત સંગીત સમિતિ દ્વારા લેવાતી સંગીત અલંકાર ગાયન-વાદન તથા નૃત્ય (ભરતનાટ્યમ્ તેમજ કથક)ની લેખીત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર ઝોન સેન્ટર ખાતે લેવાનું શરૂ કરેલ છે.

(૩) સંગીત શિક્ષા વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) તથા સંગીત પ્રવીણ (ગાયન-વાદન-નૃત્ય) જેવી પદવી પરીક્ષાઓની લેખિત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓ અગાઉની જેમજ અમદાવાદ ખાતે લેવામાં આવશે.

(૪) વિશેષમાં સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) તથા સંગીત અલંકાર (ગાયન-વાદન-નૃત્ય)ની મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓ ઉપરોક્ત ચાર ઝોન સેન્ટર સિવાય જે પણ નાના કે મોટા શહેર ખાતે જે તે વિષયના ૮ કે ૮થી વધુ વિદ્યાર્થીઓ હશે તેવા કેન્દ્રો ઉપર પણ સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) તથા સંગીત અલંકાર (ગાયન-વાદન-નૃત્ય)ની જે તે વિષયની મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓ લેવામાં આવશે. જો કે આવા સેન્ટરો ઉપર આ વધારાની સગવડ માટેની અનુકુળતા છે કે નહિ તે બાબતે તેમજ આવા સેન્ટરો ઉપરના વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે પરીક્ષામંત્રીશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) જે ઝોનમાં સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) કે સંગીત અલંકાર (ગાયન-વાદન-નૃત્ય)ના જે તે વિષય દીઠ ૬ કે ૬ થી ઓછા વિદ્યાર્થીઓ લેખિત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષા આપતા હશે તો તે વિષયના ૬ કે ૬ થી ઓછા વિદ્યાર્થીઓને તે ઝોનને બદલે અમદાવાદ ઝોન ખાતે લેખિત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષા આપવા આવવું પડશે. આમ છતાં ઉપરોક્ત ચારેય ઝોનમાં સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) તથા સંગીત અલંકાર (ગાયન-વાદન-નૃત્ય)ની લેખિત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષા બાબતે પરીક્ષામંત્રીશ્રીનો નિર્ણય આખરી રહેશે.

**આગામી માર્ચ ૨૦૨૫ના સત્રની સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય)ની લેખિત તેમજ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓની વ્યવસ્થા નીચે પ્રમાણે ચાર ઝોન સેન્ટરમાં કરેલ છે.**

| | ઝોન / લેખિત તથા મૌખિક પરીક્ષા કેન્દ્રો : | સમાવિષ્ટ જીલ્લાઓ |
|---|---|---|
| (૧) | **સુરત** | : સુરત, વલસાડ, નવસારી, વાપી, બારડોલી, ડાંગ વગેરે |
| (૨) | **વડોદરા** | : વડોદરા, ભરૂચ, આણંદ, પંચમહાલ, રાજપીપળા, નર્મદા વગેરે |
| (૩) | **અમદાવાદ** | : અમદાવાદ, ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, સમગ્ર ઉત્તર ગુજરાત તથા કચ્છ, ભૂજ, નલિયા, આદિપુર, માંડવી તેમજ અન્ય સમાવિષ્ટ ન થયા હોય તેવા તમામ જીલ્લાઓ વગેરે |
| (૪) | **રાજકોટ** | : રાજકોટ, ભાવનગર, અમરેલી, ધ્રાંગધ્રા, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, જામનગર વગેરે |

## • પદવી પરીક્ષા અંગેની તથા અન્ય મહત્વની સૂચનાઓ •

(૧) સંગીત વિશારદ ગાયન-વાદન તથા તે પછીની ઉચ્ચતર પદવી પરીક્ષાઓમાં તાનપુરા તેમજ તબલા સંગત સાથે ગાવું-વગાડવું ફરજીયાત છે.

(૨) સંગીત વિશારદ તબલા-મૃદંગ-પખાવજ તથા તે પછીની ઉચ્ચતર પદવી પરીક્ષાઓમાં લહેરા સંગત ફરજીયાત છે.

(૩) સંગીત વિશારદ નૃત્ય (ભરતનાટ્યમ્ તથા કથક) તથા તે પછીની ઉચ્ચતર પદવી પરીક્ષાઓમાં મૃદંગમ્/તબલા સંગત તથા નૃત્યને અનુરૂપ ગાયન સંગત ફરજીયાત છે. ઉપરોક્ત બાબતે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરાશે નહિ તથા વિકલ્પે કેસેટ પર ભરતનાટ્યમ્ તથા કથક નૃત્યની મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષા આપવા દેવાશે નહિ.

(૪) **ઉપરોક્ત સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) તથા તે પછીની ઉચ્ચતર પદવી પરીક્ષાઓમાં જે તે જરૂરી સંગતકારો તથા તેમના સંગત-વાદ્યોની વ્યવસ્થા પરીક્ષાર્થીઓએ જાતે જ તેમજ સ્વખર્ચે જ કરવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં આ પરીક્ષાઓ ઈલેક્ટ્રોનિક્સ સાધનો ઉપર આપવા દેવાશે નહિ.**

(૫) અગાઉની જેમ જ સંગીત શિક્ષા વિશારદની પદવી પરીક્ષાઓ ગાયન-વાદન-નૃત્યમાં આપી શકાશે.

(૬) હંમેશની જેમ જ પરીક્ષકો દ્વારા સંગીત પ્રારંભિકથી સંગીત પ્રવીણ સુધીની તમામ ગાયન-વાદન-નૃત્યની મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓમાં વિદ્યાર્થીએ સંપૂર્ણ અભ્યાસક્રમ કરેલ છે કે નહીં તેની વિગતવાર ખરાઈ કરી તે પ્રમાણે જ ગુણ આપવામાં આવશે. **વધુમાં સંગીતના ગાયન-વાદન-નૃત્યના તમામ વર્ષોની ક્રિયાત્મક પરીક્ષાઓમાં જો વિદ્યાર્થીએ ૫૦% કે તેથી ઓછો અભ્યાસક્રમ કરેલો જણાશે તો, વિદ્યાર્થીનું સ્ટેજ આર્ટીસ્ટ જેવું પરફોરમન્સ હશે તો પણ તેને નાપાસ જાહેર કરવામાં આવશે. કેન્દ્રવ્યવસ્થાપકે પદવી પરીક્ષાના વિદ્યાર્થીઓને તથા તેમના ગુરૂઓને આ બાબતની ખાસ જાણ ફરજીયાત કરવાની રહેશે.**

(૭) અગાઉની જેમ જ, બૃહદ ગુજરાત સંગીત સમિતિ સિવાયના અન્ય સંગીત સંસ્થાઓના પરીક્ષાર્થીઓને જો બૃહદ ગુજરાત સંગીત સમિતિની પરીક્ષાઓ આપવી હશે તો તેઓ ફક્ત પ્રવેશિકા પૂર્ણની પરીક્ષાથી જ શરૂઆત કરી શકશે.

(૮) અગાઉની જેમ જ આ સત્રમાં પણ સંગીત પ્રવેશિકા પ્રથમ તથા સંગીત પ્રવેશિકા પૂર્ણની સીધી પરીક્ષાઓ (Direct Exam.) આપનાર વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષની પરીક્ષા ફી તથા પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે તથા અગાઉના વર્ષોની પરીક્ષાઓ પણ આપવાની રહેશે. એટલે કે પ્રવેશિકા પ્રથમની સીધી પરીક્ષા આપનારે પ્રારંભિક તથા પ્રવેશિકા પ્રથમ બંનેની પરીક્ષા ફી તથા તે બંનેના પરીક્ષાફોર્મ ભરવાના રહેશે તથા તે બંને વર્ષોની પરીક્ષાઓ પણ આપવાની રહેશે. તે જ રીતે પ્રવેશિકા પૂર્ણની સીધી પરીક્ષા આપનારે પ્રારંભિક, પ્રવેશિકા પ્રથમ તથા પ્રવેશિકા પૂર્ણ એમ ત્રણેયની પરીક્ષા ફી તથા ત્રણેયના પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે તથા તે ત્રણેય વર્ષોની પરીક્ષાઓ આપવાની રહેશે. આનો ઉમદા હેતુ સીધી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ જે તે અગાઉના પરીક્ષાવર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ રીતે કરે તથા તેનો બહુમૂલ્ય સમય બચે તે જ છે. આ વિકલ્પ ફક્ત સંગીતમાં ખૂબ તૈયાર વિદ્યાર્થીઓ માટે જ છે અને મરજીયાત છે અન્યથા પ્રારંભિક, પ્રવેશિકા પ્રથમ અને પ્રવેશિકાપૂર્ણ સુધીની પરીક્ષાઓ દર છ મહિનાના અંતરે ક્રમાનુસાર આપવી હિતાવહ છે.

(૯) **ફક્ત સંગીત પ્રવેશિકા પ્રથમ (ગાયન-વાદન-નૃત્ય) તથા સંગીત પ્રવેશિકા પૂર્ણ (ગાયન-વાદન-નૃત્ય)ની જ સીધી પરીક્ષાઓ (Direct Exams) આપી શકાશે, પરંતુ ત્યાર બાદની બધી જ પરીક્ષાઓ ઓછામાં ઓછા એક-એક વર્ષના સમયાંતરે અને ફરજીયાત આપવાની રહેશે.**

(૧૦) **કોઈ પણ સંજોગોમાં સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય)ની સીધી પરીક્ષા (Direct Exam) આપી શકાશે નહિ.**

(૧૧) **અત્યારસુધી પાઠ્યક્રમના વાદ્ય-વિભાગમાં દર્શાવેલ વાદ્યો સિવાયના ફક્ત 'કી-બોર્ડ' વાદ્યમાં જ સંગીતના પ્રચાર અને પ્રસારના ઉમદા હેતુસર વિદ્યાર્થીઓ માત્ર ઉપાન્ત્ય વિશારદ સુધીની જ પરીક્ષાઓ આપી શકતા હતા. પરતું હવેથી વિદ્યાર્થીઓના હિતમાં માર્ચ-૨૦૨૬ના પરીક્ષાસત્રથી 'કી-બોર્ડ' વાદ્યમાં પણ વિદ્યાર્થીઓ વિશારદની પદવી પરીક્ષા કે તેનાથી ઉચ્ચતર પદવી પરીક્ષાઓ આપી શકશે.**

(૧૨) **પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ આવેદનપત્રમાં ઉપરની બાજુએ જમણાં ખૂણા ઉપર મોટા અક્ષરે ''પ્રજ્ઞાચક્ષુ'' એમ લખવાનું રહેશે.** તેમજ જે તે સીવીલ સર્જન પાસેથી ''પ્રજ્ઞાચક્ષુ'' બાબતે મેળવેલ પ્રમાણપત્રની કેન્દ્ર વ્યવસ્થાપક દ્વારા તેમના સહી-સિક્કા સાથે પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ આવેદનપત્રની સાથે જ બીડવાની રહેશે.

(૧૩) **પ્રવેશિકા પ્રથમ તથા તે પછીના બધા જ વર્ષના પરીક્ષા ફોર્મ સાથે અગાઉની પરીક્ષા પાસ કર્યાના સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ બીડવી. આ ઝેરોક્ષ નકલને અસલ સર્ટીફીકેટ સાથે સંપૂર્ણ રીતે ચકાસીને, જે તે કેન્દ્ર વ્યવસ્થાપકે પોતાના સહી સિક્કા સાથે પ્રમાણિત કરવી ફરજીયાત છે. માત્ર છેલ્લા સત્રની પરીક્ષાના સર્ટીફીકેટ ન મળ્યા હોય પરંતુ તે પરીક્ષામાં પાસ થયા હોય તેવા સંજોગોમાં ખરાઈ કરવા માટે અગાઉના પરીક્ષા વર્ષ, વિષય (ગાયન, વાદન કે નૃત્ય) તથા વિદ્યાર્થીનો રોલ નંબર લખવાનાં રહેશે. નહિ તો પરીક્ષા ફોર્મ રદ ગણાશે તેમજ કોઈ પણ સંજોગોમાં પરીક્ષા ફી પરત મળશે નહિ.**

(૧૪) **સંગીત મધ્યમા પ્રથમ, સંગીત મધ્યમા પૂર્ણ તથા સંગીત ઉપાન્ત્ય વિશારદની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની ઉંમર ઓક્ટોબર સત્ર માટે ૧લી નવેમ્બર તથા માર્ચ સત્ર માટે ૧લી એપ્રિલના રોજ અનુક્રમે ૧૨ વર્ષ, ૧૩ વર્ષ તથા ૧૪ વર્ષ પૂર્ણ થયેલ હોવી જોઈએ જેની ખરાઈ જે તે કેન્દ્રવ્યવસ્થાપકે પોતે જ કરવાની રહેશે તથા તેની સઘળી જવાબદારી ગુરૂ તથા જે તે કેન્દ્રવ્યવસ્થાપકની રહેશે.**

(૧૫) **સંગીત વિશારદની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની ઉંમર ઓક્ટોબર સત્ર માટે ૧લી નવેમ્બર તથા માર્ચ સત્ર માટે ૧લી એપ્રિલના રોજ ૧૬ વર્ષ પૂર્ણ થયેલ હોવી જોઈએ અન્યથા તેઓ સંગીત વિશારદની પરીક્ષા આપી શકશે નહિ. ઉંમરના પુરાવા/ખરાઈ માટે વિદ્યાર્થીઓએ પોતાની જન્મ તારીખ દર્શાવતા ફોટો આઈ.ડી.ના પ્રમાણપત્રની કેન્દ્રવ્યવસ્થાપક દ્વારા પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ લગાડવાની રહેશે તથા તેની સઘળી જવાબદારી ગુરૂ તથા જે તે કેન્દ્રવ્યવસ્થાપકની રહેશે.**

(૧૬) **પદવી પરીક્ષાર્થીઓએ પાસપોર્ટ સાઈઝના લેટેસ્ટ બે કલર ફોટા તેમજ જન્મ તારીખનો દાખલો મોકલવો ફરજીયાત છે. તે વગર ફોર્મ સ્વીકારાશે નહી. સંગીત વિશારદની ક્રિયાત્મક (મૌખિક) પરીક્ષા સમયે વિદ્યાર્થીએ પોતાની જન્મ તારીખના પ્રમાણપત્રની મૂળ નકલ (Original Certificate) તેમજ પોતાના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની મૂળ નકલ (Original Certificate) તથા અન્ય ઉચ્ચતર પદવી પરીક્ષાઓની ક્રિયાત્મક પરીક્ષા સમયે વિદ્યાર્થીએ પોતાના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની મૂળ નકલ (Original Certificate) પરીક્ષકોને બતાવવી પડશે, તે વગર પરીક્ષા લેવાશે નહી. વધુમાં દરેક ફોર્મમાં પરીક્ષાર્થી તથા તેના ગુરૂની સહી જરૂરી છે. ફોર્મની જમણી તરફના કોલમમાં પરીક્ષાર્થીનું નામ તથા તેણે જે તે પરીક્ષા વર્ષ તથા વિષયનો અભ્યાસક્રમ તેના ગુરૂ પાસે સંપૂર્ણ રીતે પૂરો કરેલ છે, તેવા લખાણ નીચે ગુરૂની સહી ફરજીયાત છે. દરેક ફોર્મમાં કેન્દ્રવ્યવસ્થાપકની સહી તથા સરનામાં ફરજીયાત છે.**

(૧૭) કેટલાક ગુરૂજનો / સંગીત શિક્ષકો જે તે પદવી પરીક્ષા વર્ષ સાથે વિષયના ઉલ્લેખ કરતા જ નથી, જેમ કે સંગીત વિશારદ (તબલા), અલંકાર પ્રથમ (ભરતનાટ્યમ્), અલંકાર પૂર્ણ (કથક), સંગીત પ્રવીણ (ગાયન) વગેરે, તથા વાસ્તવમાં વિદ્યાર્થીએ જે તે પરીક્ષા વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો ન હોય તેમ છતાં તેઓ, આ બાબતે તેમની સમક્ષ વિદ્યાર્થીએ જે તે પદવી પરીક્ષાનો સંપૂર્ણ અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે તેવી બાંહેધરી આપતા સહી-સિક્કા કરે છે જેનાથી વિદ્યાર્થી અપૂર્ણ અભ્યાસક્રમના લીધે જ્યારે નાપાસ થાય છે ત્યારે નાહકના વાદ-વિવાદ સર્જાય છે તેમજ વિદ્યાર્થી હતાશ થાય છે, તો આ બાબતે ગુરૂજનો / સંગીત શિક્ષકો સંગીતના નૈતિક મૂલ્યોને સાચવીને યોગ્ય કરે તેવી વિનંતી છે.

**(૧૮) ઓક્ટોબર-૨૦૨૪ના સત્રથી, જે વિદ્યાર્થીઓએ સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય)ની મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવ્યા હશે તેઓ જ સંગીત અલંકાર પ્રથમ( ગાયન-વાદન-નૃત્ય)ની પરીક્ષા આપી શકશે.**

(૧૯) ઓક્ટોબર-૨૦૧૩ના સત્રથી જે વિદ્યાર્થીઓએ સંગીત અલંકાર પૂર્ણ (ગાયન-વાદન-નૃત્ય)ની મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓમાં ૫૫% કે તેથી વધુ ગુણ મેળવ્યા હશે તેઓ જ સંગીત પ્રવીણ (ગાયન-વાદન-નૃત્ય)ની પરીક્ષાઓ આપી શકશે.

**(૨૦) અગાઉના સત્રોમાં સંગીત વિશારદ કે સંગીત અલંકાર પૂર્ણ (ગાયન-વાદન-નૃત્ય)ની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓમાં અનુક્રમે ૫૦% કે ૫૫% થી ઓછા ગુણ મેળવ્યા હશે તેઓ શ્રેણી-વૃદ્ધિ (Up-gradation) નો લાભ લઈ મૌખિક (ક્રિયાત્મત્ક) પરીક્ષાઓમાં અનુક્રમે ૫૦% કે ૫૫% થી વધુ ગુણ મેળવી આગળની પદવી પરીક્ષાઓ આપી શકશે.**

(૨૧) ઓક્ટોબર-૨૦૨૨ના સત્રથી મધ્યમા પ્રથમથી આગળની બધી જ લેખિત પરીક્ષાઓના દરેક પેપર દીઠ પુનઃગણતરી **(Re-counting)** કરવા માટેના રૂા. ૨૦૦/- ભરવાના રહેશે. આ ફી ફક્ત પુનઃગણતરી **(Re-counting)** માટેની જ છે. પુનઃમૂલ્યાંકન **(Re-assessment)** ની પ્રથા સમિતિ ખાતે અમલમાં નથી, જેની વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવા વિનંતી છે.

(૨૨) સંગીત અલંકાર તથા સંગીત પ્રવીણ (ગાયન-વાદન-નૃત્ય) જેવી ઉચ્ચતર પદવી પરીક્ષાઓમાં લેખિત/મૌખિક પરીક્ષા મુક્તિ મળતી નથી. ફક્ત મધ્યમા પ્રથમથી સંગીત વિશારદ (ગાયન-વાદન-નૃત્ય) સુધીની પરીક્ષાઓમાં જ જે તે લેખિત પરીક્ષાના પેપરમાં કે મૌખિક પરીક્ષામાં ૫૦% કે ૫૦% થી વધુ માર્કસ મળ્યા હશે તે જ લેખિત / મૌખિક પરીક્ષામાંથી ફક્ત, જે તે પરીક્ષાસત્રના પછીના તરતના જ પરીક્ષાસત્રમાં જ મુક્તિ મળી શકશે. તે પછીના પરીક્ષાસત્રમાં આવી મુક્તિ મળશે નહિ. આ માટે વિદ્યાર્થીએ ફરી પરીક્ષાફોર્મ ભરતી વખતે તેની સાથે જ લેખિત / મૌખિક મુક્તિ માટેનો વિનંતીપત્ર મોકલવાનો રહેશે. તેમજ તે અંગે સમિતિની કચેરીમાં પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખથી દિન-૧૫ની અંદર ફોનથી ખાત્રી કરી લેવાની રહેશે. જેથી કરીને વિદ્યાર્થીનો વિનંતીપત્ર મળ્યા / ન મળ્યાની ફરિયાદ રહેશે નહિ.

વિશેષમાં વિદ્યાર્થીને લેખિત / મૌખિક પરીક્ષા મુક્તિ ફક્ત એક જ વાર મળશે. ત્યારબાદ ફરીથી બધા જ લેખિત/ મૌખિક પેપરો આપવાના રહેશે. તેમજ મુક્તિ લીધેલ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયે તેઓને ફક્ત અને ફક્ત તૃતીય વર્ગ જ મળશે. જે સમજી વિચારીને વિદ્યાર્થીએ લેખિત / મૌખિક મુક્તિ માટે માગણી કરવા વિનંતી છે.

**(૨૩) માર્ચ-૨૦૨૪ના પરીક્ષાસત્રથી, જે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી બૃહદ ગુજરાત સંગીત સમિતિ સિવાયની અન્ય સંગીત સંસ્થાઓ પૈકી ફક્ત અને ફક્ત અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળની સંગીત (ગાયન-વાદન-નૃત્ય)ની પરીક્ષાઓ આપી હોય, પરંતુ કોઈ પણ કારણોસર જો તેઓ હવેથી બૃહદ ગુજરાત સંગીત સમિતિ, અમદાવાદની સંગીત (ગાયન-વાદન-નૃત્ય)ની પરીક્ષાઓ આપવા માગતા હોય તો તેઓ નીચેની શરતોએ બૃહદ ગુજરાત સંગીત સમિતિ સાથે જોડાઈ શકશે.**

**(અ) પ્રારંભિકથી પ્રવેશિકા પૂર્ણ સુધી : જે વિદ્યાર્થીઓએ અત્યારસુધી અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળની સંગીત (ગાયન-વાદન-નૃત્ય)ની પ્રારંભિકથી પ્રવેશિકા પૂર્ણ સમકક્ષની જે વર્ષની છેલ્લી પરીક્ષા આપી હોય તે પરીક્ષા ફરીથી બૃહદ ગુજરાત સંગીત સમિતિ ખાતે આપવાની રહેશે. આ માટે જે તે પરીક્ષાનું ફોર્મ તથા તે સાથે જરૂરી ફી ભરવાની રહેશે. ઉપરાંત બૃહદ ગુજરાત સંગીત સમિતિ સાથેની જોડાણ ફી તરીકે રૂા. ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર અલગથી ભરવાના રહેશે.**

**(બ) મધ્યમા પ્રથમથી મધ્યમા પૂર્ણ સુધી : જે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળની સંગીત (ગાયન-વાદન-નૃત્ય)ની મધ્યમા પ્રથમથી મધ્યમા પૂર્ણ સમકક્ષની જે વર્ષની છેલ્લી પરીક્ષા આપી હોય તે પરીક્ષા ફરીથી બૃહદ ગુજરાત સંગીત સમિતિ ખાતે આપવાની રહેશે. આ માટે જે તે પરીક્ષાનું ફોર્મ તથા તે સાથે જરૂરી ફી ભરવાની રહેશે. ઉપરાંત બૃહદ ગુજરાત સંગીત સમિતિ સાથેની જોડાણ ફી તરીકે રૂા. ૨૦૦૦/- અંકે રૂપિયા બે હજાર અલગથી ભરવાના રહેશે.**

**(ક) ઉપાન્ત્ય વિશારદથી વિશારદ સુધી : જે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળની સંગીત (ગાયન-વાદન-નૃત્ય)ની ઉપાન્ત્ય વિશારદ થી વિશારદ સમકક્ષની જે વર્ષની છેલ્લી પરીક્ષા આપી હોય તેઓએ ફરીથી ઉપાન્તય વિશારદની પરીક્ષા બૃહદ ગુજરાત સંગીત સમિતિ ખાતે આપવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં સંગીત (ગાયન-વાદન-નૃત્ય) વિશારદની સીધી પરીક્ષા બૃહદ ગુજરાત સંગીત સમિતિ ખાતે આપી શકાશે નહિ. ઉપાન્ત્ય વિશારદની પરીક્ષા આપવા માટે ફોર્મ તથા જરૂરી ફી ભરવાની રહેશે. ઉપરાંત બૃહદ ગુજરાત સંગીત સમિતિ સાથેની જોડાણ ફી રૂા. ૩૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર અલગથી ભરવાના રહેશે.**

**અત્રે એ નોંધનીય છે કે જે વિદ્યાર્થીઓએ અત્યાર સુધી અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળમાંથી વિશારદ અથવા અલંકાર જેવી પરીક્ષાઓ આપી હશે તો પણ તેઓ બૃહદ ગુજરાત સંગીત સમિતિ ખાતે અનુક્રમે સીધી વિશારદ, સીધી અલંકાર કે સીધી પ્રવિણની પરીક્ષાઓ આપી શકશે નહિ. પરંતુ તેઓએ ઓછામાં ઓછુ બૃહદ ગુજરાત સંગીત સમિતિની ઉપાન્ત્ય વિશારદની પરીક્ષા ફરીથી આપવાની રહેશે, અને તે પછી જ બૃહદ ગુજરાત સંગીત સમિતિની આગળની પરીક્ષાઓ ક્રમાનુસાર આપી શકશે.**

(૨૪) સંગીત પ્રારંભિક (ગાયન-વાદન-નૃત્ય) થી સંગીત પ્રવીણ (ગાયન-વાદન-નૃત્ય)ની પરીક્ષાના ફોર્મ ભરતા પહેલાં દરેક વિદ્યાર્થીઓએ ઉપરોક્ત પરીક્ષા અંગેની મહત્વની સચૂનાઓને તેમજ પરીક્ષા ફોર્મની પાછળ દર્શાવેલ અન્ય પરીક્ષાલક્ષી મહત્વની સુચનાઓ અને નિયમો ને વંચાણે લેવા. ત્યાર બાદ જ સમજી વિચારીને પરીક્ષાના ફોર્મ ભરવા જેથી લેખિત કે મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષા વખતે કે પરીક્ષાના પરિણામ વખતે નાહકના વાદ-વિવાદ સર્જાય નહિ. સદર પરીક્ષાના નિયમો ગુરૂજનો તથા સંગીત શિક્ષકો તથા કેન્દ્ર વ્યવસ્થાપકોએ પણ વંચાણે લેવા તેમજ તેમને ત્યાંથી ફોર્મ ભરતા દરેક વિદ્યાર્થીઓને પરીક્ષાને લગતી મહત્વની સૂચનાઓ અને નિયમોથી વાકેફ કરી, બૃહદ ગુજરાત સંગીત સમિતિના પરીક્ષાના કામમાં સાથ-સહકાર આપવા વિનંતી છે.

## ● કેન્દ્ર વ્યવસ્થાપકોને ખાસ સૂચનાઓ ●

(૧) આવેદનપત્રો માટે જે તે ચાલુ વર્ષના **Web Form** સંસ્થાની સાઈટ પરથી ડાઉનલોડ કરવા. આવેદનપત્રો માટે આવા **Web Form** કે **Web Form** ના આગળ-પાછળના પાનાની ઝેરોક્ષ નકલ જ માન્ય ગણાશે. (અગાઉના વર્ષના **Web Form** કે તેની ઝેરોક્ષ નકલ માન્ય ગણાશે નહિ, જેની ખાસ નોંધ લેવી.)

(૨) તમારા કેન્દ્રના વિદ્યાર્થીઓ માટે **Web Form** માં જણાવેલ દરેક વર્ષની પ્રોસેસીંગ ફી તથા પરીક્ષા ફીની રકમ મુજબ કુલ ફીની ગણત્રી કરવી તથા આ માટે સંસ્થાની વેબસાઈટ પરથી પરીક્ષા ફીની વિગતવાળુ ફોર્મ ડાઉનલોડ કરીને તે અથવા તેની ઝેરોક્ષ નકલ જ વાપરવી. આ સિવાય જાતે બનાવેલ પરીક્ષા ફીના ફોર્મ સ્વીકારાશે નહિ. પરીક્ષા ફીની વિગતવાળા ફોર્મમાં કેન્દ્રવ્યવસ્થાપકે પોતાનું નામ તથા ડ્રાફટની વિગત ભરવી જરૂરી છે.

(૩) પ્રોસેસીંગ ફી તથા પરીક્ષા ફીની કુલ રકમ ફક્ત બેંક ડ્રાફટથી જ મોકલો. ડ્રાફટનો ખર્ચ મળશે નહિ. કુરીયર તેમજ આંગડીયા દ્વારા રોકડ રકમ મોકલવી નહિ. રોકડ રકમ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

(૪) ''બૃહદ ગુજરાત સંગીત સમિતિ'' **(Bruhad Gujarat Sangeet Samiti)** ના નામે જ ડ્રાફટ કઢાવીને મોકલશો. ડ્રાફટ કઢાવતી વખતે તમારા બેંકર્સ કોઈ પણ પ્રકારની શાબ્દિક ભૂલ (સ્પેલીંગ મીસ્ટેક) કરતા નથી ને તેની ખાત્રી કરશો.

(૫) આવેદનપત્રો તેમજ પ્રોસેસીંગ ફી તથા પરીક્ષા ફીની કુલ રકમનો ડ્રાફટ એક સાથે જ રજીસ્ટર્ડ પોસ્ટ પાર્સલથી / કુરીયરથી / રૂબરૂમાં મોકલશો.

(૬) કેન્દ્રવ્યવસ્થાપકોએ પરીક્ષાર્થીઓનાં નામોની વિગતવાર સૂચિ બનાવવા માટે સંસ્થાની વેબસાઈટ પરથી સૂચિ બનાવવાનું ફોર્મ ડાઉનલોડ કરીને, તે અથવા તેની ઝેરોક્ષ નકલ જ વાપરવી. આ સિવાય **જાતે બનાવેલ સૂચિના ફોર્મ સ્વીકારાશે નહિ. સૂચિના ફોર્મ કે તેની ઝેરોક્ષની ફક્ત એકજ બાજુએ પરીક્ષાર્થીઓના નામો લખવા. પાછળની બાજુ ખાલી રાખવી.**

**(૭) આવેદનપત્રમાં, સૂચિમાં તથા ઉત્તીર્ણ કરેલ અગાઉની પરીક્ષાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલમાં એક જ નામ હોવું જોઈએ. જો નામમાં કોઈ ફેરફાર હોય તો તેના માટે યોગ્ય પુરાવા તથા ફી બીડવી જરૂરી છે. અન્યથા નવા પરીક્ષાસત્રના પ્રમાણપત્રમાં નિયમાનુસાર જ નામ લખવામાં આવશે.**

**(૮) પરીક્ષાર્થીઓના નામોની સૂચિને ટાઈપ જ કરાવવી. સૂચિ બનાવવામાં ખૂબ જ ધ્યાન આપવું. સૂચિમાં નામ (નામોની જોડણી), પરીક્ષા વર્ષ કે વિષયમાં કોઈ પણ પ્રકારની ભૂલ હશે તો તે સુધારવા માટે પરીક્ષામંત્રી જણાવે તેવા યોગ્ય પુરાવાઓ રજુ કરવા પડશે તેમજ તેનો યોગ્ય દંડ ભરવાનો રહેશે.**

**(૯) અગાઉના સત્રોની જેમ જ વિશારદ તથા તે પછીની ઉચ્ચતર પદવી પરીક્ષાઓના ફોર્મની પરીક્ષા ફી પર કોઈ પણ જાતનો કેન્દ્ર પુરસ્કાર મળશે નહી. નવી ઝોન પ્રથાને કારણે સદર પદવી પરીક્ષાઓની લેખિત તથા મૌખિક (ક્રિયાત્મક) પરીક્ષાઓનું સંચાલન તથા ખર્ચ બૃહદ ગુજરાત સંગીત સમિતિ દ્વારા કરાતું હોઈ સદર કેન્દ્ર પુરસ્કાર રદ કર્યો છે. જો કે કોઈ પણ કેન્દ્રવ્યવસ્થાપક પદવી પરીક્ષાઓની પરીક્ષા ફી પર પુરસ્કાર નહિ મેળવવાના કારણને આગળ ધરી પદવી પરીક્ષાના ફોર્મ સ્વીકારવાની ના કહી શકશે નહિ તથા તેવા ફોર્મ બાબતે અન્ય કોઈ પણ પ્રકારની ફી (Hidden Charges) લઈ શકશે નહિ અન્યથા તેવા કેન્દ્રની માન્યતા રદ કરવામાં આવશે.**

(૧૦) અગાઉના સત્રોની જેમ મધ્યમા પ્રથમથી ઉપાન્ત્ય વિશારદ સુધીની ગાયન-વાદન-નૃત્યની લેખીત પરીક્ષાઓ માટે દરેક શહેર/ ગામ દીઠ ફક્ત એક જ પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવશે. આ માટે જે કેન્દ્રવ્યવસ્થાપકના શહેર/ગામ દીઠ વધુ પરીક્ષાના ફોર્મ ભરાતા હશે અથવા જેની વહીવટીય કુશળતા પરીક્ષામંત્રીશ્રી / મહામંત્રીશ્રીને યોગ્ય લાગશે તેને સદર વહીવટની જવાબદારી સોંપવામાં આવશે. આ બાબતે પરીક્ષામંત્રીશ્રી/ મહામંત્રીશ્રીનો નિર્ણય આખરી રહેશે.

(૧૧) કેન્દ્ર પુરસ્કારમાં તબલા સંગત અને નિરીક્ષકનાં ખર્ચનો જ સમાવેશ કરવાનો છે. **બેંક ડ્રાફ્ટ, ટપાલ, મનીઓર્ડર તથા રજીસ્ટર્ડ ખર્ચ વગેરે ૨૫% પુરસ્કારમાં આવી જાય છે.** ઘણા આ નિયમોનું પાલન કરતા નથી, જેથી બીલો સુધારવા પડે છે અને નિરર્થક જવાબ-પ્રતિજવાબ કરવા પડે છે. તબલા સંગત તથા નિરીક્ષક ખર્ચ, બીલ સાથે અલગ વાઉચરો બીડી આગળ ખેંચી લેશો.

(૧૨) એક સાથે જ બધા ફોર્મ મોકલો. વારાફરતી એક-એક કે બબ્બે ફોર્મ મોકલવા નહીં. આનાથી કાર્યાલયનો બોજો વધે છે તથા તેનો ખર્ચ કેન્દ્રવ્યવસ્થાપકોને મળતો નથી. લેઈટ ફી સાથેનાં ફોર્મ તથા વારાફરતી આવેલા ફોર્મ એ બંનેની ફી પર પુરસ્કાર મળતો નથી. આવાં ફોર્મ અમદાવાદ કેન્દ્રમાં જ દાખલ થાય છે. શક્ય હોય ત્યાં સુધી લેઈટ ફી સાથે ફોર્મ મોકલવા જ નહીં. છતાં પણ મોકલ્યાં હોય તો તેના અંગેની કાર્યવાહી કાર્યાલય યથા સમયે કરે જ છે. જેથી એ વિશે કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવો નહી.

(૧૩) ઓક્ટોબર-૨૦૨૪ના સત્રથી જે કેન્દ્રની પ્રારંભિકથી ઉપાન્ત્ય વિશારદ સુધીની કુલ પરીક્ષા ફી રૂા. ૬૦૦૦/- કે તેથી ઓછી થશે તેઓને કોઈ પણ જાતનો પુરસ્કાર મળશે નહિ. મોટા કેન્દ્રની સાથે જોડાયેલ નાના-નાના કેન્દ્રોની પરીક્ષા ફી જો રૂા. ૬૦૦૦/- કે તેથી ઓછી હશે તો મોટા કેન્દ્રને પણ આવા નાના-નાના કેન્દ્રોની પરીક્ષા ફી નો પુરસ્કાર મળશે નહિ.

(૧૪) લેખિત પરીક્ષાના નિરિક્ષકોની નિમણૂંક કરીને તેમની સ્વીકૃતિનો નીચેનો પરચો તેમના ખરા સરનામા સાથે લેખિત પરીક્ષાની તારીખના ઓછામાં ઓછા પાંચ દિવસ અગાઉ કાર્યાલયમાં પહોંચવો જોઈએ. ઉત્તરવહીઓમાં બંડલમાં આ પરચો મોકલવાનો હોતો નથી.

(૧૫) **આપનો પત્રવ્યવહાર તથા આર્થિક વ્યવહાર, પરીક્ષામંત્રી, બૃહદ ગુજરાત સંગીત સમિતિ, ઉજે માળ, 'આકાર-૨', ૧૫, કલ્પના સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ (ફોન : ૦૭૯-૨૬૫૬ ૨૯૧૭)ના સરનામે જ કરો.** હજી પણ ઘણા આ સરનામે પત્રવ્યવહાર કરતા નથી. તેમને તરત જવાબ ના મળે તો કાર્યાલયનો કસૂર ગણાશે નહી. ટપાલ ગેરવલ્લે થશે તો તેની જવાબદારી સમિતિની રહેશે નહી.

(૧૬) આ સિવાય બાકીની સૂચનાઓ અહેવાલમાં તથા ઓક્ટોબર-૨૦૦૮થી કાર્યાન્તરીત થયેલ નવા સુધારેલ પાઠ્યક્રમમાં જોઈ લેશો, ત્યાર બાદ જ કંઈ ન સમજાય તો પરીક્ષામંત્રીને પત્રથી પૂછશો.

**કેન્દ્ર વ્યવસ્થાપકો, સંસ્થા સંચાલકો તથા સભ્યોને ખાસ સૂચના :**

**ઓક્ટોબર-૨૦૨૪ના પરીક્ષાસત્રથી પ્રોસેસીંગ ફી તથા પરીક્ષા ફીનું ધોરણ બદલેલ છે, જે નીચે પ્રમાણે છે.**

## પરીક્ષા ફીની વિગત

| પરીક્ષા વર્ષ | પ્રોસેસીંગ ફી | પરીક્ષા ફી | કુલ ફી |
|---|---|---|---|
| સંગીત પ્રારંભિક | રૂા. ૫૦ | રૂા. ૨૦૦ | રૂા. ૨૫૦ |
| સંગીત પ્રવેશિકા પ્રથમ | રૂા. ૫૦ | રૂા. ૩૦૦ | રૂા. ૩૫૦ |
| સંગીત પ્રવેશિકા પૂર્ણ | રૂા. ૫૦ | રૂા. ૪૦૦ | રૂા. ૪૫૦ |
| સંગીત મધ્યમા પ્રથમ | રૂા. ૫૦ | રૂા. ૫૦૦ | રૂા. ૫૫૦ |
| સંગીત મધ્યમા પૂર્ણ | રૂા. ૫૦ | રૂા. ૬૦૦ | રૂા. ૬૫૦ |
| સંગીત ઉપાન્ત્ય વિશારદ | રૂા. ૫૦ | રૂા. ૮૦૦ | રૂા. ૮૫૦ |
| સંગીત વિશારદ | રૂા. ૧૦૦ | રૂા. ૧૦૦૦ | રૂા. ૧૧૦૦ |
| સંગીત શિક્ષા વિશારદ | રૂા. ૧૦૦ | રૂા. ૨૫૦૦ | રૂા. ૨૬૦૦ |
| સંગીત અલંકાર પ્રથમ | રૂા. ૧૦૦ | રૂા. ૨૫૦૦ | રૂા. ૨૬૦૦ |
| સંગીત અલંકાર પૂર્ણ | રૂા. ૧૦૦ | રૂા. ૨૫૦૦ | રૂા. ૨૬૦૦ |
| સંગીત પ્રવીણ | રૂા. ૨૦૦ | રૂા. ૭૦૦૦ | રૂા. ૭૨૦૦ |

નોંધ : (૧) પ્રત્યેક વર્ષનો અભ્યાસક્રમ ઓક્ટોબર-૨૦૦૮ થી કાર્યાન્તરીત થયેલ નવા સુધારેલ પાઠ્યપુસ્તકમાં બરાબર જોઈ લેવો. શિક્ષકોએ / ગુરૂઓએ જે તે વર્ષના વિદ્યાર્થીઓને શરૂથી જ તેમના અભ્યાસક્રમની ઝેરોક્ષ નકલ આપવી જેથી વિદ્યાર્થીઓને વેળાસર સંપૂર્ણ અભ્યાસક્રમની જાણ થાય તથા તે પ્રમાણે તેઓ પરીક્ષાની પૂરતી તૈયારી કરી શકે.

(૨) **હાર્મોનિયમ વાદનમાં સંગીત પ્રારંભિકથી સંગીત અલંકાર સુધીના ક્રિયાત્મક (મૌખિક) અભ્યાસક્રમમાં જે તે પરીક્ષાવર્ષ મુજબ કરેલ ફેરફારનો ઓક્ટોબર-૨૦૧૫ના પરીક્ષા સત્રથી અમલ શરૂ થઈ ગયેલ છે, જેની દરેક ગુરૂજનો તથા વિદ્યાર્થી ભાઈ/બહેનોને નોંધ લેવા વિનંતી છે. સંસ્થાની વેબસાઈટ પરથી પણ હાર્મોનિયમ વાદનનો, આ બદલાયેલ અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકાશે.**

(૩) **વિશારદ - તબલા / પખાવજ, ભરતનાટ્યમ્ તથા કથકના પરીક્ષાવર્ષમાં ઓક્ટોબર-૨૦૧૫ના પરીક્ષાસત્રથી લેખિત પરીક્ષાના બે પેપરોનો અમલ શરૂ થઈ ગયેલ છે, જેની દરેક ગુરૂજનો તથા વિદ્યાર્થી ભાઈ/બહેનોને નોંધ લેવા વિનંતી છે.**

લી. આપના ભવદીય

| પંકજભાઈ પટેલ | શિરીષભાઈ પંડિત | ભરતભાઈ વ્યાસ | નીનાબેન ઠાકોર |
|---|---|---|---|
| પરીક્ષામંત્રીશ્રી | મહામંત્રીશ્રી | મેનેજીંગ ટ્રસ્ટીશ્રી | પ્રમુખ ટ્રસ્ટીશ્રી |
| (બૃ.ગુ.સં.સમિતિ) | (બૃ.ગુ.સં.સમિતિ) | (ગાં.મ.ટ્રસ્ટ) | (ગાં.મ.ટ્રસ્ટ) |